ક્રોધ એ એસીડ જેવો છે... એ જે પાત્રમાં રહેલો છે એ પાત્રને તો એ સૌથી વધુ નુકશાન કરે છે
- મુનિ ભાનુચંદ્રજી

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૭૧ | ૧૪ ડિસેમ્બર, ૨૦૧૪, રવિવાર ; માગશર વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# કમોસમી વરસાદની હવામાન વિભાગની આગાહી

## ગાંધીનગરમાં પણ ત્રણ ડીગ્રી જેટલો પારો ગગડતાં વાતાવરણ ઠંડુગાર બની જવા પામ્યુ

ગાંધીનગર, તા. ૧૩

અરબી સમુદ્રથી દક્ષિણ-પશ્ચિમ રાજસ્થાનના પટ્ટામાં ઉભા થયેલા હળવા દબાણના પટ્ટાને લઈ ઉત્તર ગુજરાત, દ. ગુજરાત તેમજ મધ્ય ગુજરાતના વિસ્તારોમાં આગામી ૨૪ કલાક દરમ્યાન હળવા-વરસાદના ઝાપટા થવાની શક્યતાઓ હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

હળવા દબાણના પટ્ટાને કારણે વાતાવરણમાં પણ બદલાવ જોવા મળી રહ્યો છે. કચ્છ સૌરાષ્ટ્ર વિસ્તારમાં આકાશ સ્વચ્છ રહેશે તેવી આગાહી પણ હવામાન ખાતાએ કરી છે.

અરબી સમુદ્રમાં સર્જાયેલ હળવા દબાણને કારણે કમોસમી વરસાદના સંજોગો ઉભા થતાં ઠંડીના પ્રમાણમાં વધારો થવાની શક્યતાઓ નકારી શકાતી નથી.

દરમ્યાન ગુજરાતમાં આજે સૌથી વધુ ઠંડી કચ્છના નલિયા ખાતે ૧૦.૨ ડિગ્રી નોંધાઈ છે.

ગાંધીનગરમાં શુક્રવારે લઘુત્તમ તાપમાનનો પારો ૧૫.૦૪ નોંધાયા બાદ આજે ૨૪ કલાકમાં જ પારો ત્રણેક ડિગ્રી ગગડ્યો હતો. આજે લઘુત્તમ તાપમાન ૧૨.૫ નોંધાયું છે. તેમજ વાતાવરણમાં ઠંડીનું મોજુ પ્રસરી જવા પામ્યુ છે.

ગરમ વસ્ત્રો પહેરી ઈવનીંગ વોકર્સ વોકીંગ માટે નીકળ્યા હતા. વાતાવરણમાં આવેલા બદલાવને કારણે ઘણા બધા નગરજનોએ ઘરની બહાર નીકળવાનું પણ ટાળ્યું હતું.

સાંજથી જ લોકોએ ઘરના બારી-બારણા બંધ કરી ઘરમાં રહેવાનું પસંદ કર્યું હતું. સાંજે ઠંડા પવનના સુસવાટાને કારણે પણ વાતાવરણ વધુ ઠંડુ બની જવા પામ્યુ હતુ. શહેરમાં ઠંડીનું પ્રમાણ વધતાં જ બજારમાં પણ ઘરાકીનું પ્રમાણ ઘટવા પામેલુ જણાતુ હતુ.




# આજે વસ્તુને પ્રેમ અને સંબંધોનો ઉપયોગ થાય છે : સાધ્વી ઋતુંભરા

## સેક્ટર-૧૧ રામકથા મેદાનમાં આરંભાયેલ વિરાટ ભક્તિ-વેદાંત સંમેલનમાં સાધ્વી ઋતુંભરાજીનું પ્રેરક ઉદ્‌બોધન

### રાજનીતિમાં નીતિ શબ્દ ધર્મએ પાળ્યો છે

સંત પ્રવચનના કાર્યક્રમ નિમિત્તે આવેલા સાધ્વી ઋતુંભરાજીએ જણાવ્યું હતું કે રાજનીતિમાં નીતિ શબ્દ ધર્મએ પાળ્યો છે. પ્રધાનમંત્રી જ્યાં જાય છે ત્યાં ગીતા ભેટ આપે છે. ગીતા જેવુ જ્ઞાન કોઈ નથી. ધર્માંતરણ અંગે તેમણે જણાવ્યું હતું કે વ્યક્તિને બીજા પ્રવાહમાં ભળવાની છૂટ આપવી જોઈએ પરંતુ કોઈપણ લાલચના લીધે થતુ હોય તો ખોટુ કહેવાય.

ગાંધીનગર, તા. ૧૩

નેતા શબ્દ બદનામ થયો છે. જેનાથી સાપ પણ ગભરાય છે. સુભાષજી માટે પણ આ શબ્દનો ઉપયોગ થતો હતો. પણ આજે કેટલાક લોકોના લીધે આ શબ્દ બદનામ થયો છે. આજે માણસ વસ્તુને પ્રેમ અને સંબંધોનો ઉપયોગ કરતો થઈ ગયો છે. દરેક વસ્તુને દુકાન અને રાજનીતિ ન બનાવાય આ વિચિત્રયુગમાં માનવીય સંવેદના જાગૃત કરવા આત્મનિરિક્ષણ કરવુ જોઈએ. જે છીએ તેમાં સંતોષ માની તન્મયતા સાથે કામ કરવાથી ધન્યતા અનુભવાય છે. દિલનું ગાર્ડન વિરાન છે સંતો આજે તેનું સિંચન કરવા આવ્યા છે.

ગાંધીનગરમાં રામકથા મેદાન ખાતે આજથી શરૂ થયેલા સંત પ્રવચનના કાર્યક્રમના પ્રારંભે સાધ્વી ઋતુંભરાજીએ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ભાવિકોને તંદુરસ્ત સમાજના નિર્માણની દિશામાં આગળ વધવા રાહ ચિંધી હતી. તેમણે ભાવિકોને


● અનુસંધાન પાન-૭ પર






ભક્તિ વેદાંત યોગ - રામકથા મેદાન, સેક્ટર-૧૧ ખાતે શનિવારથી આરંભાયેલ ત્રિદિવસીય સંત પ્રવચન કાર્યક્રમના પ્રારંભે સાધ્વી ઋતુંભરાજીને સાંભળવા વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત પ્રથમવાર યોજાયેલ વિરાટ ભક્તિ વેદાન્ત યોગ સંત સંમેલનમાં દેશભરમાંથી ૧૫થી વધુ મહામંડલેશ્વરો અને અનેક સંતો-મહંતો ઉપસ્થિત રહેતાં સેંકડો ભાવિકો દર્શન માટે ઉમટ્યા હતા. **(તસવીર : દિપક જાની)**


આજે 18માં વર્ષમાં મંગલ પ્રવેશ

● ભોજન જેનું સર્વોત્તમ ને રૂમ છે જેના બેસ્ટ
● જમવા માટે - રહેવા માટે હોટલ ઘુંઘટ શ્રેષ્ઠ

૧૪ ડિસેમ્બર, ૧૯૯૭માં શ્રીગણેશ કરી આપ સૌના સહકાર અને સહયોગથી હોટલ ઘુંઘટે શુભ પ્રયાણ કરી, આજે ૧૭ વર્ષની લાંબી સફર સફળતાપૂર્વક પૂર્ણ કરી છે, ત્યારે આ શુભ દિને હોટલ ઘુંઘટ પરિવાર હૃદયપૂર્વક, અંતઃપૂર્વક આપ સૌ માટે આભારની લાગણી વ્યક્ત કરે છે... સાથે આ સફર વણથંભી બની ઉત્તરોત્તર પ્રગતિ કરતી સફળતાની ટોચે પહોંચે અને પ્રથમ રાજ્યમાં, પછી રાષ્ટ્રમાં અજોડ - અદ્વિતિય બને તેવી ચાહના - ભાવના રાખી આપ સૌને સાથ-સહકાર તેમજ સહવાસ મેળવવા આ શુભ દિને આપ સૌને હાર્દિક આવકારે છે.

હોટલ ઘુંઘટ
ગાર્ડન રેસ્ટોરન્ટ એન્ડ ગેસ્ટ હાઉસ

● પંજાબી ● ચાઈનીઝ ● કોન્ટીનેન્ટલ ● સાઉથ ઈન્ડિયન
તેમજ ગુજરાતી થાળી સાથે રહેવાની ઉત્તમ સગવડ
૧૪ ડિસેમ્બરથી શિયાળાની ઋતુમાં શિયાળાની વાનગી
● બાજરીનો રોટલો ● રીંગણ ભડથું ● ખીચડી ● કઢી
કાઠીયાવાડી સ્વાદમાં ગુજરાતી થાળી સાથે એજ ભાવમાં સાંજે જમો

સેક્ટર-૨૬, ક-રોડ, જી.આઈ.ડી.સી.ની બાજુમાં,
ગાંધીનગર - માણસા રોડ, ગાંધીનગર - ૩૮૨૦૨૬
ફોન : ૨૩૨૮૭૦૭૨, ૨૩૨૮૭૦૭૩, ૬૫૭૩૭૬૫૫, ૬૫૭૩૩૩૬૬
www.hotelghunghat.com

● શુટ રૂમ - સુપર ડીલક્ષ - ડબલ ડીલક્ષ - ડીલક્ષ ● એ.સી. કોન્ફરન્સ હોલની સુવિધા ● લગ્ન રીસેપ્શન માટે વિશાળ પાર્ટી પ્લોટ ● સાથે ચિલ્ડ્રન પાર્ક સાથે વિશાળ પાર્કીંગ
આજના હરખના દિને ગુજરાતી થાળી સાથે મીઠાઈની મિજબાની અને પંજાબી-ચાઈનીઝ ચટાકેદાર સ્વાદ સાથે આકર્ષક ૧૦ ટકા વળતર

નવવિકસીત ગાંધીનગરમાં હોટલ ઘુંઘટનું નવુ વધુ એક સોપાન

વેલકમ હમ દિલસે કરતે હૈ...

M હોટલ મીડલ ટાઉન

ભોજન માટે સ્પેશ્યલ ઈન્ડીયન (પંજાબી) કોન્ટીનેન્ટલ, ચાઈનીઝ, આઈસ્કીમ+કોલ્ડ્રીંક

રહેવા માટે સર્વોત્તમરૂમની સગવડ - એ.સી./નોન એ.સી. તથા શ્યુટ રૂમ ● એ.સી. બેન્કવેટ હોલ (૨૫૦ વ્યક્તિની કેપેસીટી)

મીડલ ટાઉન | TCS | ઘ-રોડ | રીલાયન્સ ચોકડી | ઘ-૦

પ્રમુખ આર્કેડ (ઘ-૦થી આગળ)
ટીસીએસની નજીક, રિલાયન્સ ચોકડી પાસે, કુડાસણ, ગાંધીનગર.
ફોન : ૦૭૯-૨૯૨૮૮૮૮૭, ૨૩૨ ૧૩૮૮૭ ● મો. ૯૪૦૮૨ ૮૮૮૮૩
web : www.hotelmiddletown.com • Emial : enquiry@hotelmiddletown.com